ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૦/૨૧-૨૨/ 1931 તારીખ : 15 JUN 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી દિનેશ સોપ ફેકટરી,**
**કે.ઓ.ધીરજલાલ એચ.ભાયાણી,**
**પ્રેસ રોડ, અગરીયા વાડ,**
**લબ્ધી ઓઈલ મીલ સામે,**
**ભાવનગર-૩૬૪૦૦૨.**

કેસ નં.૯૦/૨૧-૨૨

**મો.નં- ૭૮૭૮૩૮૭૬૭૬**

**વિષય : લોડ વધારો મંજૂર કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૪/૦૩/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૩/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૧-૨૨/૯૧૩ તા.૧૬/૦૩/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૧-૨૨/૯૯૬ તા.૨૪/૦૩/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૧-૨૨/૧૧૯૩ તા.૧૨/૦૪/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવાંરા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૭/૦૪/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, **ભાવનગર.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખારગેટ.**

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૦/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી દિનેશ સોપ ફેકટરી,**

◈ **વિરૂઘ્ઘ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૭/૦૪/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી મનોજભાઈ કનૈયાલાલ ભાયાણી (વાદી ના માલિક)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી દિનેશ સોપ ફેકટરી, મું.ભાવનગર, જી.ભાવનગર ની લોડ વધારો મંજૂર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૦/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૧–૨૨/૯૧૩ તા.૧૬/૦૩/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૫/૦૪/૨૦૨૨ તેમજ તા.૨૭/૦૪/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી દિનેશ સોપ ફેકટરી વતી તેમના માલિક શ્રી મનોજભાઈ કનૈયાલાલ ભાયાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો દ્વારા જણાવવાનું કે, ખારગેટ સબ ડિવિઝનમાં દિનેશ સોપ ફેકટરી કે/ઓફ ધીરજલાલ એચ.ભાયાણી ખારગેટ સબ ડિવિઝન તળે NRGP હેતુનું ૦.૫ કિ.વો. નું વિજ કનેકશન ગ્રાહક નં–૩૦૨૦૫/૦૮૧૧૪/૨ થી ધરાવીએ છીએ.

૧.૨ અમો દ્વારા તા.૨૫/૧/૨૦૨૨ ના રોજ થ્રી ફેઈઝ લોડ વધારા માટે અરજી કરવામાં આવેલ. ઉપરોક્ત સરનામે તા.૩૧/૧/૧૯૮૬ થી ગુજરાત વિધુત બોર્ડ અને હાલમાં પીજીવીસીએલના નિયમિત વિજ બિલ ભરપાઈ કરતા ગ્રાહક છીએ. તાજેતરમાં અમોએ ખારગેટ પેટા વિભાગીય કચેરી હેઠળ ૦.૫ કિ.વો. + ૯.૫ કિ.વો.= ૧૦ કિ.વો. નો લોડ વધારાની માંગણી સબબ અરજી કરેલ. જે સંદર્ભે ખારગેટ સબ ડિવિઝન તરફથી અમોએ જગ્યાના આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ. આધાર પુરાવા પત્ર નં– ખારગેટ/ટેક/૭૦૨ તા.૨૧/૨/૨૦૨૨ થી જણાવેલ.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievances Redressal Forum

૧.૩ સદર જગ્યાના અમો છેલ્લા ૪૦ વર્ષથી ભાડૂઆત છીએ અને હાલમાં લોડ વધારા માટે અમોએ નીચે મુજબના દસ્તાવેજી આધાર પુરાવાએ રજૂ કરેલ છે.

– જીએસટી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ

– ભાવનગર મહાનગરપાલીકાનું નળ વેરા પત્ર

– ભાવનગર મહાનગરપાલીકા નું કાર્પેટ એરીયા પહોંચ

– ભાવનગર મહાનગરપાલીકા ની કરવેરા પહોંચ

– ભાવનગર મહાનગરપાલીકા ની ટેકસ ની રસીદ

– ભાવનગર મહાનગરપાલીકા ની મિલકત વેરાની રસીદ

– ઓરીજનલ ભાગીદારોનો દસ્તાવેજનો રીટાયર્ડમેન્ટ કમ એડમીશન ઓફ પાર્ટનરશીપ ડીડ

૧.૪ સદર જગ્યા ૫૨ વર્ષો જુના ભાડૂઆત છીએ અને સદર જગ્યાના માલીક શ્રી લલ્લુભાઈ કિશોરભાઈ મણીયાર ને ભાવનગર મહાપાલીકા વચ્ચે લાંબા સમયથી વિવાદ છે. જેથી, કરી જગ્યાના માલીક દ્વારા અમોને કોઈ દસ્તાવેજી આધાર આપેલ નથી. આમ, અમો દ્વારા રજૂ કરેલ દસ્તાવેજી આધાર પુરાવાને ધ્યાને લઈ અમારો લોડ વધારો મંજૂર કરવા વિનંતી છે.

અમો, પીજીવીસીએલ ના હયાત ગ્રાહક છીએ તેમજ ગુજરાત સરકારશ્રીની ધંધા રોજગારને પ્રોત્સાહન આપતી નિતિને આધિન અમો ધંધો કરવા માંગીએ છીએ. તેમજ જો આપશ્રી લોડ વધારાની મંજૂરી આપે તો અમો ધંધો શરૂ કરીએ અને જેના થકી અગિયાર કુટુંબને રોજગારી પણ મળે તેમ છે. આમ, અમારો આ ધંધો શરૂ થવાથી અગિયાર પરિવાર અમારા આ ધંધા પર નભશે.

૧.૫ આમ, આ સાથે અમો દ્વારા જગ્યાના આધાર પુરાવાની અવેજીમાં વૈકલ્પીક રીતે અમો રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ કરી આપવા પણ તૈયાર છીએ કે, જો ભવિષ્યમાં કોઈ કાનૂની વિવાદ ઉભો થશે તો પીજીવીસીએલ અમારૂં કનેકશન કાપવા બંધારણીય રીતે હકકદાર રહેશે, અને તેમાં અમો કે અમારા વંશ વારસો કોઈ વાંધો, તકરાર કે હરકત ઉભી કરીશું નહી.

૧.૬ અમો વિશેષમાં નીચે મુજબના કેસીસ તરફ આપશ્રી નું નમ્ર ધ્યાન દોરવા માંગીએ છીએ.

શ્રી મારૂ ગોવિંદભાઈ નાજાભાઈ

વિરૂધ્ધ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

૧.૭ .....સદર કેસમાં પીજીવીસીએલ કુંભારવાડા સબ ડિવિઝન ના ગ્રાહકશ્રી મારૂ ગોવિંદભાઈ નાજાભાઈ, ગ્રાહક નં–૮૯૯૦૧/૫૮૦૨૪/૨ એ તેમના મફતનગર ના કનેકશનમાં ૭.૫ કિ.વો.+ ૧૪.૫ કિ.વો = ૨૨ કિ.વો. માટે અરજી કરેલ. આ કનેકશન મફતનગરમાં શરૂ હતું. પરંતુ, પીજીવીસીએલ દ્વારા તેમનો લોડ વધારો મંજૂર કરાયેલ નહી. જેથી, સદર અરજદારે આપશ્રી સમક્ષ રજૂઆત કરતા આપશ્રી દ્વારા પત્ર નં–બીઝેડ/ફોરમ/૮૦/ ૨૦–૨૧/ ૭૬૩ તા.૩/૩/૨૦૨૧ થી હુકમ કરેલ કે, ''સદર ગ્રાહક પાસેથી જરૂરી અંડરટેકીગ લઈ ગ્રાહકે માંગેલ લોડ વધારો મંજૂર કરવો.''

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

૧.૮ આમ, અમારો કેસ અને ઉપરોકત કેસ એક સમાન જ હોય, આપશ્રી ના ઉપરોકત હુકમને ધ્યાને લઈ અમો પણ ધંધો કરી શકીએ તે માટે અમારા શરૂ કનેકશનમાં લોડ વધારો મંજૂર કરવા હુકમ કરવા વિનંતી છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆત :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ખારગેટ સબ ડિવિઝન હેઠળના દિનેશ સોપ ફેકટરી C/O ધીરજલાલ એચ.ભાયાણી, પ્રેસરોડ, અગરીયાવાડ, લબ્ધિ ઓઈલ મીલ સામે, ભાવનગર NRGP હેતુનું વાણિજ્ય હેતુ (ED 25 %) ૦.૫ કિ.વો.નું વિજ કનેકશન ગ્રાહક નં–૩૦૨૦૫/૦૮૧૧૪/૨ થી ધરાવે છે.

૨.૨ તા.૨૫/૧/૨૦૨૨ ના રોજ ગ્રાહકશ્રી દ્વારા ૦.૫ + ૯.૫ કિ.વો. નો લોડ વધારો માંગવામાં આવેલ. સદર અરજીની સાથે ગ્રાહકશ્રી દ્વારા જરૂરી દસ્તાવેજી આધારપુરાવા જોડેલ ન હોય, ખારગેટ સબ ડિવિઝન દ્વારા તા.૨૧/૨/૨૦૨૨ ના રોજ લોડ વધારાની અરજી અન્વયે, ખૂટતા આધાર પુરાવા રજૂ કરવા જણાવવામાં આવેલ. જેમ કે, (૧) જગ્યાના દસ્તાવેજી આધાર પુરાવા (૨) સદર જગ્યા ભાડાની હોયતો, ભાડાખત તથા ભાડા પહોંચ તથા મકાન માલિકની રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ સંમતિ (૩) સદર જગ્યા ભાડાની હોય તો, અરજદારની ભાવનગર સ્થિત અન્ય પ્રોપર્ટી/મિલ્કત નો દસ્તાવેજી આધાર પુરાવો.

૨.૩ ત્યારબાદ, ગ્રાહકશ્રી દ્વારા તા.૨૩/૩/૨૦૨૨ ના રોજ એક અરજીની સાથે મહેસુલ વેરાની રસીદ અને સેલ્સ ટેકસ પહોંચ જોડેલ અને સદર જગ્યાના માલિકશ્રી લલ્લુભાઈ કિશોરભાઈ મણીયારને ભાવનગર મહાનગર પાલિકા વચ્ચે લાંબા સમયથી વિવાદ છે. જેથી કરી જગ્યાના માલીક દ્વારા અમોને કોઈ દસ્તાવેજી આધાર આપેલ નથી. આમ, અમો દ્વારા રજૂ કરેલ દસ્તાવેજી આધારપુરાવાને ધ્યાને લઈ અમારો લોડ વધારો મંજૂર કરવા વિનંતી છે અને વૈકલ્પીક આધાર તરીકે સોગંદનામું કે બાંહેધરી ખત આપવા તૈયાર છીએ જેથી અમારી વિનંતી ને ધ્યાને લઈ લોડ વધારો મંજૂર કરી આપવા વિનંતી કરેલ.

૨.૪ ત્યારબાદ, ફરી ખારગેટ સબ ડિવિઝન દ્વારા પત્ર નં–ખારગેટ/ટેક/૮૬૫ તા.૮/૩/૨૦૨૨ થી ફરી લોડ વધારા ની અરજી અન્વયે ખૂટતા દસ્તાવેજી આધાર પુરાવાઓ જેમ કે, ભાડા જેમ કે, ભાડાપટ્ટા, ભાડા પહોંચ, રજૂ કરાયેલ નથી અને જગ્યાની માલીકી હકક પુરાવા થતા કોઈ આધાર પુરાવા આપના દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. તો, અત્રેની કચેરી દ્વારા માંગવામાં આવેલ જરૂરી આધાર પુરાવા રજૂ કર્યા બાદ આપના વિજભાર વધારાની અરજીને આગળની કાર્યવાહી માટે હાથ ધરી શકાશે.

૨.૪ GERC સપ્લાય કોડ–૨૦૧૫ના નોટીફીકેશન વિભાગ–૪ ના ૪.૧૬(૫) મુજબ અરજદાર જે મકાનની માલીક નહી પણ કબ્જેદાર હોય તેણે (૧) નોંધણી કરાયેલ વેચાણ ખત કે પટ્ટાખત ની નકલ અથવા ખેતીવાડી જોડાણ ના કેસમાં ૭/૧૨, ૮–અ અને હકકપત્રક(૬ એ) ની નકલ (૨) નગરપાલીકાની વેરાની છેલ્લી પહોંચ અથવા માંગ નોટીસ બીજા કોઈ સંબંધિત દસ્તાવેજ (ફકત ઘરવપરાશ ના કનેકશન માટે) (૩) ફાળવણી પત્ર માં દર્શાવેલ કોઈપણ એક દસ્તાવેજ ની સાથે જગ્યા માલિક પાસેથી ના વાંધા પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે. સિવાય કે, તેને મકાન માટે લાંબાપટ્ટે ભાડૂત તરીકે મંજૂરી મેળવી હોય, જગ્યા માલિક પાસેથી કોઈપણ કારણોસર ના વાંધા પ્રમાણપત્ર ન મળે ત્યાં વિતરણ પરવાનેદારે નિયત કરેલ નુકશાન સામેની ચૂકવણી નો કરાર રજૂ થયે, કે જેમાં

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

વિતરણ પરવાનેદાર તેને સર્વિસ જોડાણ આપવાને લીધે ઉભી થયેલ તકરારને કારણે થનારા નુકશાન સામે રક્ષણ આપેલ હોય, ત્યારે નવું જોડાણ આપી શકાશે.

૨.૫ સદર કનેકશન વાળી જગ્યા શ્રી લલ્લુભાઈ કિશોરભાઈ મણીયાર ની હોય કે જેમને ભાવનગર મહાનગરપાલીકા ની હોય અને લીઝ પર અપાયેલી હોય જે લીઝ કરાર જોડેલ નથી અથવા તો શ્રી લલ્લુભાઈ મણીયાર ને જે કોર્પોરેશન સાથે જે વિવાદ છે તેના આધાર પુરાવા પણ જોડેલ નથી.

૨.૬ સદર જગ્યાએ હાલ દિનેશ સોપ ફેકટરી વપરાશ કર્તા છે. તેમને અગાઉના સમયમાં ભાડેથી રાખેલ હોય તો ભાડા કરાર જોડેલ નથી. આમ, જગ્યાનો અધિકૃત કબ્જો નકકી થતો નથી.

૨.૭ ૧૪૫ પીઆરટી(લેજર કોપી) જોતા સદર કનેકશન NRGP CATEGORY દર્શાવે છે. જયારે, હાલ લોડ વધારો કરવા અર્થે મેન્યુફેકચરીંગ કંપની હોય IND. કેટેગરી થવા જાય છે. આમ, સદર કનેકશન ને કેટેગરી ચેન્જ દર્શાવે છે.

૨.૮ વાદી તરફથી CGRF CASH NO.80/20-21 શ્રી મારૂ ગોવિંદભાઈ નાજાભાઈ ના કેશમાં લોડ વધારા અંગે હુકમનામું થયેલ. જેમાં જણાવવાનું કે, સદર કનેકશન મફતનગરમાં હતું અને જગ્યાનો કબજો અધિકૃત રીતે રિ મારૂ ગોવિંદભાઈ નાજાભાઈ નો હોય આ કેસની સાથે તેની સરખામણી કરી શકાય નહી.

૨.૯ સદર જગ્યાએ શ્રી લલ્લુભાઈ કિશોરભાઈ મણીયાર જેમણે કોર્પોરેશન તરફથી લીઝ ડીડ પર જગ્યા લીધી હોય તા તેના આધાર પુરાવા મળી આવેલ નથી અને સદર જગ્યાને શ્રી લલ્લુભાઈ મણીયાર તરફથી શ્રી દિનેશ સોપ ને ભાડાથી અપાયેલ હોય તા તેમાં ભાડા કરાર કે પહોંચ જોડેલ નથી. આમ, જગ્યાના અધિકૃત દસ્તાવેજી પુરાવા મળેલ નથી અને જગ્યા પર કોનો અધિકાર કે માલીકી છે તે પુરવાર થઈ શકતું નથી. આમ, સદર જગ્યા પર અગાઉ એનઆરજીપી (કોમર્શિયલ કનેકશન) આપવામાં આવેલ. જે હવે લોડ વધારો કરવા અંગે મેન્યુફેકચરીંગ યુનિટ છે તેથી ઈન્ડ.કનેકશન ની કેટેગરી થવા જાય છે. આમ, જયારે કનેકશન ઈન્ડ.પરપઝ થાય તેથી જગ્યાના દસ્તાવેજી પુરાવા રજૂ કરવા પડે જે રજૂ થયેલ નથી. આમ, સદર સ્થળ પર ઈન્ડ.કનેકશન લોડ વધારો મંજૂર કરી શકાય નહી.

૨.૧૦ ત્યારબાદ, ગ્રાહકશ્રી દ્વારા તા.૧૪/૦૩/૨૦૨૨ થી શ્રીકન્વીનર ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,પીજીવીસીએલ ભાવનગર ખાતે કેશ નં–૯૦/૨૦૨૧–૨૨ થી નોંધવામાં આવેલ. જેની મુદત તા.૦૫/૦૪/૨૦૨૨ ના રોજ રાખેલ છે.

જેથી, ઉપરોકત માહિતીને ધ્યાને લઈ, સદર કેસમાં કંપનીની તરફેણમાં ઘટતું કરવા વિનંતી છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ધ્યાનાર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી દિનેશ સોપ ફેકટરી C/O ધીરજલાલ એચ.ભાયાણી દ્વારા તેમના NRGP હેતુનું કનેકશન નં–૩૦૨૦૫/૦૮૧૧૯/૨ માં ૦.૫ કિ.વો. + ૯.૫ કિ.વો = ૧૦.૦ કિ.વો. ની લોડ વધારાની કરેલ માંગણી પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા જરૂરી આધાર પુરાવાઓ રજૂ ન કરી શકતા લોડ વધારો મંજૂર ન થવા અંગેની છે.

૩.૨ તા.૫/૪/૨૦૨૨ ની પ્રથમ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીની લેખિત તેમજ મૌખિક રજૂઆતોને ઘ્યાને લેતાં,ફોરમને જણાયેલ છે કે, અરજદારશ્રી દ્વારા તેમના ૦.૫ કિ.વો. ના NRGP હેતુના કનેકશનમાં ૯.૫ કિ.વો નો લોડ વધારો કરતા કનેકશન નો હેતુ ફેર થઈ જાય છે અને કનેકશન તેવા સંજોગોમાં ઈન્ડ.હેતુ માટેનું થાય તેવા સંજોગોમાં કેટેગરી ચેન્જના સંજોગોમાં સદર જગ્યા વાદી દ્વારા શ્રી લલ્લુભાઈ કિશોરભાઈ મણીયાર જેમણે કોર્પોરેશન તરફથી લીઝ ડીડ પર જગ્યા લીધી હોઈ તો તેના આધાર પુરાવા મળી આવેલ નથી અને સદર જગ્યા ને શ્રી લલ્લુભાઈ મણીયાર તરફથી શ્રી દિનેશ સોપ ને ભાડાથી અપાયેલ હોય તો તેમાં ભાડા કરાર કે પહોંચ જોડેલ નથી. આમ, જગ્યાના અધિકૃત દસ્તાવેજી પરુાવા મળેલ નહી અને જગ્યા પર કોનો અધિકાર કે માલીકી છે તે પુરવાર થઈ શકતુ નથી.

૩.૩ પ્રથમ સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા વાદી અરજદાર ને માલીકી અંગેના જરૂરી આધાર પુરાવાઓ સંલગ્ન સરકારી સંસ્થાઓમાંથી મેળવવા મુદત આપવામાં આવેલ. જેથી, તેમની લોડ વધારાની માંગણી મંજૂર કરી શકાય, પરંતુ, આજરોજ તા.૨૨/૪/૨૦૨૨ ના રોજ બીજી સુનાવણી દરમ્યાન પણ અરજદારશ્રી જગ્યાની માલીકી અંગેનો ચોકકસ આધાર પુરાવો રજૂ કરી શકેલ નહી.

૩.૪ આ તબકકે અરજદારશ્રી દ્વારા ફોરમના અગાઉના કેસ નં–૮૦/૨૦–૨૧ શ્રી મારૂ ગોવિંદભાઈ નાજાભાઈ, ભાવનગર ના કેસનો ઉલ્લેખ કરી સદર લોડ વધારાના કેસમાં ફોરમ દ્વારા ગ્રાહકની તરફેણમાં ચુકાદો આપેલ હોવાનું જણાવેલ છે.

ફોરમ દ્વારા સદરહુ ચુકાદાને ઘ્યાને લેતા જણાવેલ કે, જે તે કેસમાં અરજદારશ્રી દ્વારા પોતાની માલીકીની જગ્યા પર લોડ વધારો માંગી જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ હોય, ફોરમ દ્વારા મંજૂર કરવામાં આવેલ. આમ, હાલના અરજદારશ્રી ના લોડ વધારાના કેસ ને અગાઉના કેસ સાથે સરખામણી ન થઈ શકે.

૩.૫ ઉપરોકત તારણો અને રજૂ થયેલ દસ્તાવેજો/રજૂઆતો ને ઘ્યાને લેતા કમીટીને જણાય છે કે, અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ લોડ વધારો મંજૂર કરતા કનેકશન ની કેટેગરી ચેન્જ થાય છે તેવા સંજોગોમાં જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૧૬(૫) તથા એમેન્ડમેન્ટ નોટીફીકેશન નં–૬/૨૦૧૬ ના ક્રમ નં–૨ મુજબનું જગ્યાની માલીકી અંગેનો આધાર પુરાવો જરૂરી છે, જો વાદી દ્વારા ઉપરોક્ત જરૂરી પુરાવા રજુ કરવામાં આવે તો પીજીવીસીએલ દ્વારા લોડ વધારાની આગળની કાર્યવાહી કરવી.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ- ૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

તારીખ :- **૨૭/૦૪/૨૦૨૨.**